**આકાશવાણી – ભુજ**

**સમાચાર વાચક: તૌફીક સમા**

**કમ્પ્યુટરરાઈઝ: મીત ગોર**

તારીખ: 24-11-2024 રવિવાર **સમય: સવારે: ૬:૫૦**

## PM મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગ્યે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન AIR મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે.

આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ મન કી બાત કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

RNU AHMDAVAD

---

## ચુંટણી પરિણામ

ભાજપના વડપણ હેઠળનું મહાયુતિ ગઠબંધનને મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં ભવ્ય વિજય મળ્યું છે. જ્યારે ઝારખંડની વિધાનસભાની ચૂંટણીમાં ઇન્ડિયા ગઠબંધને સત્તા જાળવી રાખી છે.

લોકસભાની બે અને 13 રાજ્યોની વિધાનસભાની 46 બેઠકોની યોજાયેલી ચૂંટણીમાં ભાજપના વડપણ હેઠળની એનડીએ ગઠબંધને 25 બેઠકો જીતી લીધી છે.

કોંગ્રેસે સાત, તૃણમુલ કોંગ્રેસે છ, આપે ત્રણ, જ્યારે સમાજવાદી પક્ષે બે બેઠકો ઉપર વિજય મેળવ્યો છે.

ગુજરાતમાં વાવ વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં ભાજપના ઉમેદવાર સ્વરૂપજી ઠાકોરનો બે હજાર 442 મતથી વિજય થયો છે. સ્વરૂપજી ઠાકોરને 92 હજાર 176 અને કોંગ્રેસના ગુલાબસિંહ રાજપૂતને 89 હજાર 734 મત મળ્યા હતા.

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી ના આવેલ પરિણામમાં  કચ્છ જિલ્લા ના મૂળ ભચાઉ તાલુકાના આધોઇના વતની અને હાલે મુંબઇ સ્થાયી થયેલા કચ્છી પટેલ સમાજના અગ્રણી મહારાષ્ટ્ર વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં અંધેરી ઇસ્ટ વિધાનસભા બેઠક પર મુરજી પટેલે શિવસેનાના શિંદે જૂથમાંથી દાવેદારી નોંધાવી હતી. આ બેઠક પર તેઓ 25 હજારથી વધુની લીડ સાથે વિજેતા બનતાં મુંબઈ તેમજ માદરે વતન ભચાઉ તાલુકા ના આધોઇમાં ગામ માં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

NP/ તૌફીક સમા

---

## સંસદ- શિયાળુ સત્રનો આરંભ

સંસદના શિયાળુ સત્રનો આવતીકાલથી આરંભ થશે. આ સત્રમાં કામગીરી સરળતાથી થઈ શકે હેતુથી ચર્ચા કરવા કેન્દ્ર સરકારે આજે સર્વપક્ષીય બેઠક બોલાવી છે. કેન્દ્રીય સંરક્ષણમંત્રી રાજનાથસિંહના અધ્યક્ષપદે આજે  સર્વપક્ષીય બેઠક યોજાશે.

ઉલ્લેખનીય છે કે, આવતીકાલ થી શરૂ થનાર શિયાળુ સત્ર આગામી 20મી ડિસેમ્બર સુધી યોજાશે. જોકે 26મી નવેમ્બરે બંધારણ દિવસ હોવાથી સંસદની બેઠક યોજાશે નહીં.

RNU AHMDAVAD

---

## રાષ્ટ્રીય સહકાર વિકાસ નિગમ બેઠક

કેન્દ્ર સરકાર સહકારી ચળવળની મદદથી નાગરિકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવા અને  ખેડૂતોના જીવન ધોરણમાં સુધારો કરવા પ્રતિબધ્ધ છે. કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે ગઈકાલે દિલ્હીમાં રાષ્ટ્રીય સહકાર વિકાસ નિગમની સામાન્ય પરિષદની બેઠકમાં આ મુજબ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, કેન્દ્રની એનડીએ સરકાર સહકારના માધ્યમથી દેશને આત્મનિર્ભર બનાવવા કામ કરી રહી છે અને આ ક્ષેત્રે રાષ્ટ્રીય સહકાર વિકાસ નિગમ મહત્વની ભૂમિકા ભજવી શકે છે.

તેમણે કહ્યું કે, રાષ્ટ્રીય સહકાર વિકાસ નિગમે અત્યાર સુધીમાં 60 હજાર કરોડ રૂપિયાના વિતરણ દ્વારા સહકારી ક્ષેત્ર અને ગ્રામીણ અર્થતંત્રને નવું બળ પૂરું પાડ્યું છે. તેમણે ખાંડ મિલોને આર્થિક ક્ષમતા વધારવા પાંચ વર્ષની સર્વગ્રાહી યોજના ઘડવાની દરખાસ્ત રજૂ કરી છે.

RNU AHMDAVAD

---

## AI ટાસ્ક ફોર્સ ની ગુજરાત સરકાર દ્વારા રચના

ગુજરાત સરકારે ટેકનોલોજીના વ્યાપક ઉપયોગથી વહીવટી સુધારણા અને જનહિતકારી યોજનાઓના અમલમાં વધુ ગતિ લાવવા AI ટાસ્ક ફોર્સ- કૃત્રિમ બુધ્ધિમત્તા આધારિત કાર્યદળની રચના કરવાનો નિર્ણય લીધો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે તીર્થધામ સોમનાથ ખાતે યોજાયેલી ચિંતન શિબિરના સમાપન સત્રને સંબોધતા આ મુજબ જણાવ્યું હતું.. તેમણે ચિંતન શિબિરના કાયમી લોગોનું ડિજિટલ અનાવરણ પણ કર્યું હતું. તેમણે સરકારના અધિકારીઓને જન ફરિયાદ નિવારણના ક્ષેત્રમાં AIનો ઉપયોગ સઘન બનાવવા અનુરોધ કર્યો હતો

RNU AHMDAVAD

---

## ક્રિકેટ

ઓસ્ટ્રેલિયાના પર્થમાં રમાઈ રહેલી પહેલી ક્રિકેટ ટેસ્ટ મેચમાં ભારતે પહેલી ઇનિંગમાં ઓસ્ટ્રેલિયાને 104 રને ઓલઆઉટ કરીને 46 રનની સરસાઈ મેળવી છે. ગઈકાલે બીજા દિવસની રમત બંધ રહી ત્યારે ભારતે બીજી ઇનિંગમાં વિના વિકેટે 172 રન નોંધાવ્યા હતા. આ સાથે ભારતની કુલ સરસાઈ 218 રનની થઈ છે.

ઓસ્ટ્રેલિયાએ મિચેલ સ્ટાર્કના 26 અને એલેક્સ કેરીના 21 રનની મદદથી પહેલી ઇનિંગમાં 104 રન નોંધાવ્યા હતા. ભારત તરફથી જસપ્રિત બુમરાહે પાંચ, હર્ષિત રાણાએ 3 અને મોહમ્મદ સિરાજે બે વિકેટો ઝડપી છે. ગઈકાલ બીજા દિવસની રમત બંધ રહી ત્યારે ભારતે યશસ્વી જયસ્વાલના 90 અને કે.એલ. રાહુલના 62 રનની મદદથી વિના વિકેટે 172 રન નોંધાવ્યા છે.

RNU AHMDAVAD

---